## ‘ચૌટાબજાર કા દબાણ હૈ કે માનતા નહીં’




■ IPS આવે IAS આવે કે પછી મેયર આવે. પોલીસ કે પાલિકાની આખી ફૌજ ઉતરે તો પણ ચૌટાબજારના દબાણ હટાવવાની કોઇની તાકાત નથી તે સાબિત થઇ ગયું છે. શનિવારે પણ અહીં ઠેર ઠેર દબાણ જોવા મળ્યા હતાં. **(તસવીર ) હેમંત ડેરે)**

# બગીચાઓમાં ભારે નશાખોરી, પાણીની ચોરી પણ અટકાવો

**મનપાની** સંકલન બેઠકમાં ખરાબ રસ્તા, દબાણ સહિતના મુદ્દે રજૂઆત

સુરતઃ મનપામાં શનિવારે વિવિધ વિધાનસભા વિસ્તારના ધારાસભ્યો અને મનપાના અધિકારીઓ વચ્ચે સંકલન બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ભાજપના ધારાસભ્યો અરવિંદ રાણા, સંદીપ દેસાઈ અને સંગીતા પાટીલે ઉપસ્થિત રહીને પોતાના વિસ્તારની સમસ્યાઓ વિશે ચર્ચા કરી હતી. ટ્રાફિક, રસ્તાની કામગીરી, દબાણ, પાણીની ચોરી, જાહેર મિલકતોના દુરુપયોગ મુદ્દે તંત્રની કામગીરી સામે સવાલો ઉઠાવી ઉકેલ લાવવા તાકીદ કરી હતી.

### હાઇ માસ્ટ ટાવર પરથી પણ લાઇટ ચોરાઇ જાય છે : સંદીપ દેસાઈ

બેઠકમાં ધારાસભ્ય સંદીપ દેસાઈએ સુરત મનપા સંચાલિત શાંતિકુંજ અને બાગ-બગીચાઓ જેવાં જાહેર સ્થળો પર અસામાજિક તત્ત્વોએ કબજો જમાવ્યો છે અને ત્યાં નશાકારક પદાર્થોનું સેવન કરવામાં આવે છે, જેનાથી સામાન્ય નાગરિકોની સુરક્ષા જોખમાય છે. આ ઉપરાંત શહેરના સ્ટ્રીટ લાઈટના થાંભલાઓ અને હાઇમસ્ટ ટાવર પરથી લાઈટોની ચોરી થતી હોવાની ફરિયાદ કરી તેમણે રાત્રિના સમયે અંધારપટની સમસ્યા નિવારવા જણાવ્યું હતું. તેમણે મનપાની પરવાનગી વગર ગેરકાયદે ભૂગર્ભ જળ કાઢીને પાણી વેચતાં તત્ત્વો સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવા કડક સૂચના આપી હતી. શહેરમાં વધી રહેલાં દબાણો મુદ્દે સંદીપ દેસાઈએ ઉગત કેનાલ રોડ, ગોગા સર્કલ અને પાલનપુર કેનાલ રોડ પર ચાલતી માંસાહારની ગેરકાયદે લારીઓ અને પાથરણાંવાળાનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ દબાણોને કારણે ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાતી હોવાથી પાલનપુર જકાતનાકાથી મીની વીરપુર સુધીના પટ્ટામાં તાકીદે દબાણ હટાવવાની કામગીરી કરવા માંગ કરી હતી.

### સેન્ટ્રલ ઝોનમાં સીસી રોડ અને ડ્રેનેજની કામગીરી તાકીદે પૂર્ણ કરાવો: અરવિંદ રાણા

બીજી તરફ ધારાસભ્ય અરવિંદ રાણાએ સેન્ટ્રલ ઝોનમાં ખોદાયેલા રસ્તાઓનો મુદ્દો રજૂ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, જે વિસ્તારોમાં ડ્રેનેજ અને પાણીની લાઈનનું કામ પૂર્ણ થઈ ગયું છે ત્યાં એક સપ્તાહમાં સીસી રોડ બનાવવાનું કામ શરૂ કરી દેવું જોઈએ. જેમાં સગરામપુરા મેઈનરોડ, હીરામોદીની શેરીના નાકાથી રણછોડરાય મંદિરથી પૂતળીથી નવસારી બજાર ચાર રસ્તા, ઉધના દરવાજાથી છાજેડ ચાર રસ્તાથી પૂતળી સુધી અને રિંગ રોડથી ભારતીમૈયા હોસ્પિટલથી લાલવાડી પાસેથી વોર્ડ ઓફિસ સગરામપુરા ઝૂંડાશેરીવાળો મેઈન રોડથી છાજેડ ચાર રસ્તા પર તાકીદે કામ શરૂ કરવા માંગ કરી હતી. તેમજ સગરામપુરા, નવસારી બજાર, ઉધના દરવાજા અને રિંગ રોડને જોડતા મુખ્ય માર્ગો પર આધુનિક ‘આઈકોનિક સીસી રોડ’ બનાવવાની કામગીરી ફેબ્રુઆરી સુધીમાં પૂર્ણ કરવા મનપા કમિશનરે ખાતરી આપી છે. ધારાસભ્ય સંગીતા પાટીલે પણ લિંબાયત વિસ્તારના જૂના પ્રશ્નો અને માળખાગત સુવિધાઓ અંગે રજૂઆત કરી તંત્રને ગતિશીલ બનવા સૂચવ્યું હતું.

# દરવાજો લોક થતા 4 વર્ષની બાળકી ફસાઈ

**ફાયર** ટીમે ઉત્રાણમાં રેસ્ક્યુ કરી બાળકીને બહાર કાઢતા પરિવારને હાશકારો

સુરતઃ સુરતના ઉત્રાણ વિસ્તારમાં આવેલા VIP સર્કલ પાસેના અંબેવેલી એપાર્ટમેન્ટમાં આજે સવારે ઘરમાં બાળકી ફસાવાની ઘટના બની હતી. ફ્લેટ માલિક વિશાલભાઈ લાખાણીની ચાર વર્ષની પુત્રી બેડરૂમમાં રમી રહી હતી, તે દરમિયાન અચાનક રૂમનો દરવાજો અંદરથી લોક થઈ ગયો હતો. બાળકી અંદર ફસાઈ જતાં પરિવારજનોએ દરવાજો ખોલવા માટે ભારે પ્રયત્નો કર્યા હતા, પરંતુ સફળતા મળી નહોતી. માસૂમ બાળકી અંદર હોવાથી પરિવાર ખૂબ જ ગભરાઈ ગયો હતો અને તાત્કાલિક સુરત ફાયર બ્રિગેડને આ અંગે જાણ કરવામાં આવી હતી.

ઘટનાની જાણ થતા જ ફાયરના જવાનો ત્વરિત ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને પરિસ્થિતિની ગંભીરતા જોઈ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. ફાયર ઓફિસરના જણાવ્યા અનુસાર, જવાનોએ ફાયરના આધુનિક સાધનોનો ઉપયોગ કરી સાવચેતીપૂર્વક દરવાજાનું લોક તોડી નાખ્યું હતું અને ગણતરીની મિનિટોમાં બાળકીને હેમખેમ બહાર કાઢી લેતાં પરિવારે હાશકારો લીધો હતો.

## ડભોલીના મકાનમાં ગેસ લીકેજથી આગ

સુરતઃ સુરતના ડભોલી સ્થિત શ્રીજીનગરમાં શનિવારે સવારે આગ લાગી હતી.

ફાયર બ્રિગેડના જણાવ્યા અનુસાર, મકાનની અગાશીમાં નાના ગેસના ચૂલા પર રસોઈ બનાવવામાં આવી રહી હતી, તે દરમિયાન અચાનક ગેસ સિલિન્ડરના રેગ્યુલેટરમાંથી ગેસ લીકેજ થતાં આગ લાગી હતી. જોતજોતામાં ભીષણ આગ ફાટી નીકળી હતી, જેને પગલે હાજર લોકો અને આસપાસના રહીશોમાં ભય ફેલાયો હતો. ઘટનાની જાણ થતાં જ ફાયરના જવાનો કાફલા સાથે ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો, ફાયર ઓફિસરે જણાવ્યું હતું કે, ઘટનામાં જાનહાનિ કે ઈજા થઈ નથી.

# ITC કૌભાંડમાં વીએલસી પેઢીના સહસંચાલકોના આગોતરા નામંજૂર

**વિષ્ણુ** ચોરસિયા અને સુનિતા માર્કંડેયને DGGIએ હાજર થવા નોટિસ ફટકારી હતી

સુરતઃ ૩૭૦ કરોડની આઈટીસી કૌભાંડમાં વીએલસી પેઢીના સહ સંચાલકો વિષ્ણુ ચોરસિયા અને સુનિતા માર્કંડેયની આગોતરા જામીન અરજી સેશન્સ કોર્ટે નામંજૂર કરી હતી. સરકાર તરફે ઈમરાન મલેકે દલીલો કરી હતી. અકિયા એન્ટરપ્રાઈઝ સહિત વાપી, દમણની પેઢીઓમાં તપાસમાં માસ્ટર માઈન્ડ તરીકે વીએલસીના સંચાલક માર્કંડેય ચોરસીયાનું નામ ખૂલ્યું હતું. હાલ માર્કંડેય જ્યુડિશિયલ કસ્ટડીમાં છે અને ધ્રુવ કૌશિક શાહની ધરપકડ કરવામાં આવી હતી. આ જ કેસમાં વિષ્ણુ ચોરસિયા અને સુનિતા માર્કંડેય કે જેઓ વીએલસી પેઢીના સહ સંચાલકો છે તેઓને ડીજીજીઆઈએ હાજર થવાની નોટિસ મોકલી હતી. જેના પગલે આ બંનેએ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. કોર્ટે બંને પક્ષની દલીલો બાદ આગોતરા જામીનઅરજી નામંજૂર કરી હતી.

# રુક અભી આતે હૈ, સગીરોએ યુવકનું ઢીમ ઢાળ્યું

**ઉન** તિરૂપતિનગરની ઘટના, ચાર સગીરે યુવક સાથે મળી હુમલો કર્યો, મૃતકના ભાઈને ગંભીર ઈજા

**પાણીના** ડ્રમ પર પેશાબ કરવા અંગે ઠપકો આપતા ફટકા વડે પરિણીતાને પણ માર માર્યો

સુરતઃ ઉન તિરૂપતિનગરમાં ઢાબા પર રમતા કિશોરે પાણીના ડ્રમ પર પેશાબ કરતા ફ્લેટ ધારકે ઠપકો આપ્યો હતો. જેના પગલે ચાર કિશોર સહિત પાંચ જણાંએ ઘરમાં ઘૂસી બે ભાઈ પર ચપ્પુ વડે હુમલો કર્યો હતો. હુમલામાં એક ભાઈને છાતીના ભાગે ચપ્પુનો એક ઘા વાગતા તેનું મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય ભાઈની હાલત ગંભીર છે. પોલીસે હાલ પાંચેયને પકડી પાડ્યા છે.

ભેસ્તાન પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ મૂળ બિહારના મુઝ્ઝફરનગરના વતની મુઝફરહુસેન અંસારી ઉનના તિરૂપતિનગરમાં બજરંગી બિલ્ડિંગના ધાબા પર બનાવેલી ભાડાની રૂમમાં પત્ની અજમેરી ખાતુન, નાના ભાઈ ઝફર હુસેન (ઉવ.22) તેની પત્ની સાજીદાખાતુન તથા માતા પિતા સાથે રહે છે અને એમ્બ્રોડરીના કારખાનામાં નોકરી કરે છે. ગઈ તારીખ 2 જાન્યુઆરીના રોજ તેમની નજીકમાં રહેતા સગીર છોકરાઓ પતંગ ઉડાવવા અને રમવા માટે આવ્યા હતા. જે પૈકી એકે અંસારીની રૂમ પાસે બહાર મુકેલા પાણીના ડ્રમ પર પેશાબ કર્યો હતો. જેથી મુઝફરે તેને ઠપકો આપ્યો હતો. ત્યારે આ સગીરો રૂક અભી આતે હૈ કહીને ચાલ્યા ગયા હતા. થોડીવારમાં આ ચાર સગીર તિરૂપતીનગરમાં રહેતા 18 વર્ષના સોએબખાન રઈશખાન પઠાણને લઈને લાકડાના ફટકા તેમજ ચપ્પુ લઈને આવ્યા હતા અને સીધા મુઝફરની રૂમમાં ધુસી જઇ તેને તથા તેની પત્ની, ભાઈ અને ભાભીને મારવા લાગ્યા હતા. મુઝફર અને તેના ભાઈએ પ્રતિકાર કરતા સોએબે ચપ્પુ કાઢીને મુઝફર હુસેન અને તેના ભાઈ ઝફર હુસેન પર ઘા કર્યા હતા.

આ હુમલામાં ઝફરને એક ઘા છાતી પર વાગતા તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે મુઝફરને ગંભીર ઈજા પહોંચી હતી. તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેની પણ હાલત નાજુક હોવાથી આઈસીયુમાં તે હાલ સારવાર હેઠળ છે. આ ગુનામાં ભેસ્તના પોલીસે સોએબખાન રઈશ ખાન પઠાણ (ઉ.વ.18, રહે.તિરૂપતિ નગર,ઉન) સહિત પાંચેયને ઝડપી પાડ્યા છે.

# પરવટ પાટિયાના વેપારી સાથે ૭૨ લાખની ઠગાઈ

**ઉઘરાણી** કરતાં બાકી પેમેન્ટ માટે આપેલા ચેક બેંકમાં જમા કરાવતા રિટર્ન થયા

**બાકી** રકમ માંગતા જાનથી મારી નાંખવાની ધમકી, વરાછા પોલીસે ગુનો નોંધ્યો

સુરતઃ પરવટ પાટિયાના કાપડના વેપારી સાથે મુંબઈના ઠગ વેપારી અને સુરતના દલાલે રૂ.૭૨ લાખની ઠગાઈ કરી છે.

પરવટ પાટિયાની સમ્રાટ ટાઉનશીપમાં રહેતા ૩૯ વર્ષીય રૂપેશ સમસ્વરૂપ શેઠી ગ્લોબલ માર્કેટ, ન્યુ બોમ્બે માર્કેટ ખાતે કાપડનો વેપાર કરે છે. તેમની ઓળખાણ સુરતના પંકજ અગ્રવાલ તથા રીંકલ અગ્રવાલ સાથે હતી. આ દરમિયાન દલાલી કામ કરતાં તેમના પુત્ર ધ્રુવ અગ્રવાલે રૂપેશને મુંબઈના કાંદીવલી (વેસ્ટ) ખાતે “ડી. આર. ટ્રેડિંગ” નામે કાપડનો વેપાર કરતાં તારીક તૈયબખાન સાથે ઓળખાણ કરાવી હતી. વિશ્વસનીયતા બતાવી રૂપેશનો વિશ્વાસ જીત્યો હતો. આ વિશ્વાસના આધારે તારીખ ૧૨/૪/૨૦૨૫ થી ૨૬/૭/૨૦૨૫ દરમ્યાન રૂપેશે તારીક તૈયબખાનને કુલ રૂ.૯૫.૯૫ લાખનો કાપડનો માલ મોકલ્યો હતો. તારીક તૈયબખાને માત્ર રૂ.૨૩.૨૩ લાખની ચૂકવણી બેંક મારફતે કરી હતી. ત્યારબાદ બાકી રકમ ચૂકવવાનું ટાળવા માંડ્યું હતું.

બાકી નાણાંની ઉઘરાણી કરતાં તારીક તૈયબખાને ધંધામાં મંદી હોવાનું કહી પેમેન્ટ ટાળ્યું હતું. બાદમાં આપેલા ચાર ચેક બેંકમાં જમા કરતાં ચેક રિટર્ન થયા હતા. બાકી રકમ માગતા તારીક તૈયબખાન ફોન પર ગાળાગાળી કરી મારી નાંખવાની ધમકી પણ આપતો હતો. જેથી તેમણે આ મામલે વરાછા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

## એ.કે. રોડમાં માનસિક બીમારીથી કંટાળી વૃદ્ધે ફાંસો ખાધો

સુરતઃ અશ્વિનીકુમાર રોડમાં માનસિક બીમારીથી પીડિત વૃદ્ધે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ અમરેલીના વતની ભરત દેવજીભાઈ કાટરોડિયા (ઉં.વ.65) હાલ અશ્વિનીકુમાર રોડ પર આવેલા પુષ્પક રો હાઉસમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતા હતા. તેઓ નિવૃત્ત જીવન જીવતા હતા. ભરતભાઈ કાટરોડિયા છેલ્લા કેટલાક સમયથી માનસિક બીમારીથી પીડાતા હતા. જેની દવા પણ ચાલતી હતી. આ બીમારીથી કંટાળીને તેમને શુક્રવારે રાત્રે ઘરમાં લોખંડના હુક સાથે દોરી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. આપઘાતના પગલે પરિવારમાં શોકનો માહોલ છવાઈ જવા પામ્યો હતો. ભરતભાઈના આપઘાત અંગે પોલીસને જાણ કરતાં પોલીસે ઘટના સ્થળે આવી તપાસ હાથ ધરી હતી,

# હવે અનફિટ સિટી બસોને શહેરમાં નહીં દોડાવાઈ

**આગ** અને અકસ્માતોની વારંવારની ઘટનાઓ નિવારવા મનપાની જાહેર પરિવહન સમિતિના ચેરમેને એજન્સીઓ પાસે ફિટનેસ સર્ટિ. માંગ્યું

સુરતઃ સિટી બસમાં વારંવાર આગ તેમજ અકસ્માતોની ઘટનાને પગલે સુરત મહાનગરપાલિકા હેઠળ બસ ચલાવતી તમામ ખાનગી એજન્સીઓને તાકીદે આદેશ અપાયો છે કે તેઓ તેમની તમામ બસોના ‘ફિટનેસ સર્ટિફિકેટ’ રજૂ કરે.

શહેરમાં સિટી બસના મેન્ટેનન્સ અને મુસાફરોની સુરક્ષા સામે ફરી એકવાર ગંભીર સવાલો ઉભા થયા છે. ગઈકાલે સાંજે અમરોલી ચાર રસ્તા પાસે તુલસી રેસ્ટોરેન્ટની સામે મુસાફરોથી ભરેલી એક સિટી બસમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા આખેઆખી બસ ભડભડ સળગીને ખાખ થઈ ગઈ હતી. સદનસીબે, બસમાં સવાર 20થી 30 મુસાફરો સમયસૂચકતા વાપરીને તાત્કાલિક બહાર નીકળી જતાં મોટી જાનહાનિ ટળી હતી.

ફાયર બ્રિગેડના સૂત્રોના જણાવ્યા અનુસાર, બસના વાયરિંગમાં શોર્ટ સર્કિટને કારણે સ્પાર્ક થતા આગ લાગી હોવાનું જાણવામાં આવ્યું હતું. સુરતમાં સિટી બસ અને બીઆરટીએસ બસો સળગવાની ઘટનાઓ હવે સમયાંતરે બનતી રહેતી હોવાથી તંત્ર હરકતમાં આવ્યું છે. અવારનવાર બનતી આવી ઘટનાઓને ગંભીરતાથી લઈ જાહેર પરિવહન પ્રવૃત્તિ

# SIRના કામ માટે આવેલા BLO જમીન પર બેસવા મજબૂર

**લિંબાયત**માં ખાસ મતદાર યાદી સુધારણા દિવસે વૈકલ્પિક વ્યવસ્થા વગર કામગીરી કરવી પડી

**મનપા** અને જિલ્લા વહીવટી તંત્ર વચ્ચે સંકલનના અભાવ મુદ્દે ભાજપ શાસન સામે ગંભીર પ્રશ્નો

સુરતઃ રાજ્યભરમાં SIR અંતર્ગત મતદાર યાદી સુધારણા અભિયાન ચાલી રહ્યું છે ત્યારે સુરત શહેરમાં વહીવટી સંકલનના અભાવે ફરજ પરસ્ત તમામ BLOને અપમાનજનક પરિસ્થિતિમાં પોતાની ફરજ બજાવવી પડી હોવાનો ગંભીર મામલો સામે આવ્યો છે.



### સંકલનનો શરમજનક અભાવ

કોંગ્રેસના અસલમ સાયકલવાલાએ જણાવ્યું કે, એક તરફ રાજ્ય સરકાર વિકાસના દાવા કરતી રહે છે અને બીજી તરફ વાર્ષિક રૂ. દસ હજાર કરોડથી વધુનું બજેટ ધરાવતી સુરત મનપા તથા જિલ્લા વહીવટીતંત્ર વચ્ચે યોગ્ય સંકલનના અભાવે આવા દૃશ્યો સર્જાય છે. મતદાર યાદી સુધારણા પ્રક્રિયામાં જિલ્લા મુખ્ય મતદાર નોંધણી અધિકારી તરીકે કલેક્ટર તથા સમગ્ર પ્રક્રિયા માટે મ્યુ. કમિશનરની જવાબદારી હોવા છતાં આવી બેદરકારી સામે અનેક પ્રશ્નો ઊભા થયા છે.

૩ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ યોજાયેલા ખાસ મતદાર યાદી સુધારણા દિવસ દરમિયાન ૧૬૩-લિંબાયત વિધાનસભા મત વિસ્તારના કેટલાક મતદાન મથકો પર મૂળભૂત સુવિધાઓનો સંપૂર્ણ અભાવ જોવા મળ્યો હતો. લિંબાયત વિધાનસભા મત વિસ્તારના બુથ નં. ૭, ૮, ૧૦, ૧૧, ૧૨ અને ૧૬ના BLOનું મતદાન મથક પ્રાથમિક શાળા નં. ૪૨, માન દરવાજા ખાતે નિર્ધારિત હતું. જો કે, આ સ્થળ હાલમાં ટેનામેન્ટ રી-ડેવલપમેન્ટ પ્રોજેક્ટ હેઠળ ડિમોલિશન થવાને કારણે અસ્તિત્વમાં નથી.

આવી સ્થિતિ હોવા છતાં વહીવટીતંત્ર દ્વારા કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી નહોતી. પરિણામે આ બુથના તમામ BLOએ મંડપ, ટેબલ કે ખુરશી જેવી કોઈપણ મૂળભૂત સુવિધા વિના જમીન પર બેસીને મતદારોના દસ્તાવેજોની ચકાસણી, મેપિંગ કાર્યવાહી તથા નવા મતદારો માટે ફોર્મ ભરવાની કામગીરી કરવી પડી હતી. કડક ઠંડી અને અસુવિધાજનક પરિસ્થિતિ વચ્ચે પણ BLO પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક નિભાવતાં જોવા મળ્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### ખેલકૂદના ક્ષેત્રે જી.ડી. ગોયંકા ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓએ વિવિધ સિદ્ધિ મેળવી



સુરતઃ જી.ડી. ગોયંકા ઇન્ટરનેશનલ સ્કૂલ, સુરતના દસ વિદ્યાર્થીઓએ SJIS ઓપન રોલર-સ્કેટિંગ ચેમ્પિયનશિપ (અંડર-6 અને અંડર-11, છોકરા અને છોકરીઓ)માં ભાગ લીધો હતો. તેમાં બે વિદ્યાર્થીએ પ્રથમ સ્થાન મેળવ્યું, બે વિદ્યાર્થીઓએ દ્વિતીય સ્થાન મેળવ્યું અને ચાર વિદ્યાર્થીઓએ તૃતીય સ્થાન મેળવ્યું હતું. એક વિદ્યાર્થીએ અક્ષયકુમાર ૧૭મી ઇન્ટરનેશનલ કુડો ટુર્નામેન્ટ 2025-26 માં પ્રભાવી પ્રદર્શન પણ કર્યું હતું. સ્કેટિંગ કોચ ચેતન શર્મા, સ્પોર્ટ્સ ડિરેક્ટર આશિષ સિંહ અને ઇન-ચાર્જ પ્રિન્સિપાલ હેતલ તમાકુવાલાએ આ માટે માર્ગદર્શન આપ્યું હતું.

### દિશા ફાઉન્ડેશનના પબ્લિક લીડરશીપ કેમ્પના બીજા દિવસે ત્રણ સેશન યોજાયા



સુરતઃ રાષ્ટ્રનિર્માણ માટે જાણીતી દિશા ફાઉન્ડેશન દ્વારા મિલેનિયમ સ્કૂલ ખાતે આયોજિત પબ્લિક લીડરશિપ કેમ્પ 4.0ના પ્રથમ દિવસમાં સફળ પૂર્ણાહુતિ બાદ કેમ્પનો બીજો દિવસ પણ ઊંડા દેશભાવનાત્મક સંદેશ અને વિકાસમુખી વિચારો સાથે પૂર્ણ થયો હતો. બીજા દિવસે યોજાયેલા વિશેષ સંવાદ સત્રમાં યુવા બાબતો અને ખેલ મંત્રી મનસુખ માંડવિયા હાજર રહ્યા હતા. Day-2ના પ્રથમ સેશનમાં ઇસરોના પૂર્વ અધ્યક્ષ એસ. સોમનાથની ઉપસ્થિતિ હતી. બીજા સેશનમાં “MSME - ભારતીય અર્થવ્યવસ્થાની રીઢ” વિષય પરના સેશનમાં મેક્સ હેલ્થકેરના સિનિયર ડિરેક્ટર કેશવ ગુપ્તા, ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા ગોપાલ કૃષ્ણ અગરવાલ અને સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયાના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર મહેન્દ્ર દોહરેએ માર્ગદર્શન આપ્યું. સેશનના નિરીક્ષક તરીકે ‘ગુજરાતમિત્ર’ના ન્યુઝ એડિટર ધર્મેશ કુકડિયા ઉપસ્થિત રહ્યા. “ભારતના વિકાસમાં ફાઇનાન્સિયલ સર્વિસિસની ભૂમિકા” વિષય પરના ત્રીજા સેશનમાં RBIના ડિરેક્ટર સતીષ મરાઠે તેમજ NJ ગ્રુપના સહ-સ્થાપક નીરજ ચોકસી તેમજ ઇન્ડિયા ફાઉન્ડેશનના પ્રેસિડેન્ટ રામ માધવજી હાજર રહ્યા હતા. Day 2નાં અંતિમ વક્તા તરીકે એટલાન્ટિકો ઇન્ટરનેશનલના એમડી અમિત મુલાણી ઉપસ્થિત રહ્યા હતા.

### વી.ટી. ચોકસી સાર્વજનિક લો કોલેજ દ્વારા એડ્વોકેટ શ્રેયસ દેસાઈનું સન્માન



સુરતઃ સુરત સ્થિત વી.ટી. ચોકસી સાર્વજનિક લો કોલેજ દ્વારા વરિષ્ઠ એડવોકેટ તથા ગ્રાહક સુરક્ષા કાયદાના નિષ્ણાત એડવોક્રેટ શ્રેયસ દેસાઈનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. એડવોકેસી ક્ષેત્રમાં તેમના 44 વર્ષના દીર્ઘ અને ગૌરવસભર કારકિર્દી તેમજ ગ્રાહક સુરક્ષા ક્ષેત્રમાં 35 વર્ષના અવિરત અને યશસ્વી સેવા યોગદાન બદલ સન્માનપાત્ર અર્પણ કરી તેમજ શાલ ઓઢાડીને સન્માન અપાયું હતું. શ્રેયસ દેસાઈ વીટી ચોકસી લો કોલેજમાં વહિવટી સમિતીના પાંચ વર્ષથી ચેરમેન છે અને આજ કોલેજમાં વિઝિટિંગ લેક્ચરર છે.

### શિક્ષણમંત્રી અને નાણાંમંત્રીના હસ્તે સુરત શહેર આચાર્ય સંઘના પ્રમુખ-અધ્યક્ષનું સન્માન



સુરતઃ અંબાજી ખાતે તા.1થી 3 જાન્યુઆરી દરમિયાન યોજાયેલા ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના ભવ્ય શૈક્ષણિક તથા વહીવટી વાર્ષિક અધિવેશનમાં સુરત શહેર આચાર્ય સંઘના પ્રમુખ તથા ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના ઉપપ્રમુખ કિશોરકુમાર નર્મદાશંકર જાની અને અધ્યક્ષ વિજયકુમાર બારોટનું સન્માન કરવામાં આવ્યું હતું. આ અધિવેશન દરમિયાન ગુજરાત સરકારના શિક્ષણમંત્રી ડો. પ્રદ્યુમનભાઈ વાજા અને નાણાંમંત્રી કમલેશભાઈ પટેલના વરદ હસ્તે ‘ઓપરેશન સિંદૂર’ની સફળતા તથા ‘નમો કે નામ રક્તદાન’ અંતર્ગત ગિનિસ બુક ઓફ વર્લ્ડમાં વિશ્વ રેકોર્ડ સ્થાપિત કરવા બદલ મોમેન્ટો અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### સરથાણાના સ્વામિનારાયણ મંદિર દ્વારા આજે શિક્ષાપત્રી પોથીયાત્રા

સુરતઃ સરથાણા ખાતેના શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા આવતીકાલે તા.4થી જાન્યુ.ના રોજ શિક્ષાપત્રી પોથીયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે 9:00 કલાકે પોથીયાત્રા અયોધ્યા ચોકથી નીકળી શ્રી સ્વામિનારાયણ ગાદી મંદિર જશે. 10:30થી શિક્ષાપત્રી પોથી પૂજન, શિક્ષાપત્રી મહિમાજ્ઞાન, મહાયજ્ઞ, મહાઆરતી અને મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો થશે.

### સુરતની આરાધ્ય પટાવરીએ નેશનલ ગર્લ્સ ચેસ ચેમ્પિયનશિપમાં ચોથું સ્થાન પ્રાપ્ત કર્યું



સુરતઃ ડીપીએસ સુરતની ધોરણ ૨ની વિદ્યાર્થીની આરાધ્યા પટાવરીએ ગુજરાત રાજ્ય અંડર-૯ ગર્લ્સ ચેસ ચેમ્પિયનશિપમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યા બાદ હવે રાષ્ટ્રીય સ્તરે પણ ગૌહાટી ખાતે યોજાયેલી નેશનલ અંડર-૯ ગર્લ્સ ચેસ ચેમ્પિયનશિપમાં આરાધ્યાએ ચોથું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

### ધર્મનું શરણું સ્વીકારીને ભારતીય પ્રજા પુણ્યની પરબો મજબૂત કરે છે: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી



સુરતઃ પીપલોદ-ડુમસ રોડ સ્થિત ઓડી કાર શોરૂમની પાછળ આવેલા શ્રી શાંતિનાથ શ્વે. મૂ.પૂ. તપાગચ્છ જૈન સંઘ ખાતે ચાલી રહેલા ‘સત્સંગ સપ્તાહ’ અંતર્ગત પ્રવચનમાળામાં ભાવુકો સત્સંગનો આસ્વાદ માણી રહ્યા છે. જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે પાંચમા દિવસે જણાવ્યું હતું કે આર્યાવર્તની સંસ્કૃતિ ધર્મપ્રધાન છે. સંસ્કૃતિની રક્ષા ધર્માનુષ્ઠાનો દ્વારા જ થઈ શકે છે. પશ્ચિમના વિલાસી ઝંઝાવાતી આક્રમણોએ ધર્મને હાંસિયામાં ધકેલી દીધો છે. ટ્રમ્પ જ્યારથી અમેરિકામાં ગાદીનશીન થયા ત્યારથી માંડીને આખું વિશ્વ ત્રાહિમામ પોકારી ઊઠ્યું છે. અમેરિકાના ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફનાં તોફાને ભારતને પણ ઘણું નુકશાન થયું છે. છતાંય ભારતીય પ્રજામાં આજે પણ ખુમારી જીવંત છે. ધર્મનું શરણું સ્વીકારીને ભારતીય પ્રજા પુણ્યની પરબો મજબૂત કરે છે. જ્યાં સુધી તમારું પુણ્ય સમૃદ્ધ હશે ત્યાં સુધી ગમે તેવી આપત્તિઓ આવશે તો પણ પુણ્ય તમને બચાવી લેશે.